सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૨૮ | ૦૨ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ: | ૨૮ | ૦૨ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ: | ૦૬ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૬ |

**ખેડા જિલ્લાના મહેરબાન અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં મુ.કપડવંજ.**

**ક્રીમીનલ પરચુરણ અરજી નંબર: ૪૨/૨૦૨૬**

**અરજદાર:–** શંભુસિંહ જગતસિંહ રાઠોડ
ઉ.વ.આ. ૩૦, ધંધો–મજુરી,
રહે. બસ્તી ગામ, બાસીતર જુજાવત સલુમ્બર,
મુ. બસ્સી, તા. જિ. સલુમ્બર, રાજસ્થાન
**(હાલ રહે. જિલ્લા સબ જેલ બીલોદરા)**

***//વિરૂધ્ધ//***

**સામાવાળા:–** **સરકારશ્રી**

**બાબત: ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી**

**********************************************************************

અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી એ. વી. પરમાર
શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ.આર.પટેલ

**********************************************************************

## –:: આંક–૦૧ અન્વયે હુકમ ::–

(૧) સદર કામે અરજદાર/આરોપી કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧ ૨૦૪૦૨૬૨૬૦૧૦૭/૨૦૨૬થી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૬૫(એ), ૧૧

૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) તથા બી.એન.એસ.ની કલમ–૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૫૪, ૧૧૧(૨)(બી), ૧૧૧(૩), ૧૧૧(૪)ના કામે જયુડીશ્યલ કસ્ટડીમા હોય, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન મેળવવા માટેની હાલની અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી તથા શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીને સાંભળ્યા તથા પોલીસ પેપર્સ અને તપાસનીશ અમલદારે રજુ કરેલ એફીડેવીટ વંચાણે લીધું.

(૩) આ કામના ફરીયાદપક્ષની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના પકડાયેલા આરોપી નં. ૧ તથા ૨ નાઓના કબ્જા હવાલાવાળી સફેદ કલરની મારૂતી સુઝુકી કંપનીની વેગેનાર ગાડી કે જેનો રજી. નં. જી.જે.૧૭.સીકે.૪૬૭૫માંથી ભારતીય બનાવટની ઈગ્લીશ દારૂની નાની મોટી બોટલો તથા બીયરના ટીન કુલ બોટલો નંગ ૧૪૭૦ કે જેની કીંમત રૂા. ૪,૫૦,૧૬૦/– તથા દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવામા આવેલ સફેદ કલરની મારૂતી સુઝુકી કંપનીની વેગેનાર ગાડી ચાવી સાથે કે જેની કીંમત રૂા. ૪,૦૦,૦૦૦/– તથા કારમાંથી મળી આવેલ છુટ્ટી નંબર પ્લેટ આર.જે.૨૭.સીપી.૩૩૫૪ વાળી તથા બે મોબાઈલ ફોન કે જેની કીંમત રૂા. ૧૦,૦૦૦/– તથા દારૂના જથ્થા ઉપર ઢાંકેલ કાળા કલરનુ કાપડ નંગ ૧ વિગેરે મળી કુલ રૂા. ૮,૬૦,૧૬૦/–ના મુદ્દામાલ સાથે આરોપી નં. ૧ તથા ૨ મળી આવેલ તેમજ આરોપી નં. ૩નાએ ઈગ્લીશ દારૂનો જથ્થો ભરેલ કારનુ પાઈલોટીંગ કરી તથા આરોપી નં. ૪નાએ દારૂની લાઈન ચલાવી તથા પાઈલોટીંગ કરી તથા આરોપી નં. ૫ વેગેનારમાં દારૂનો જથ્થો ભરી આપી તથા આરોપી નં. ૬નાએ પોતાની માલીકીની ગાડી દારૂની હેરફેર માટે આપી તથા આરોપી નં. ૭ અજાણ્યો માણસે નડીઆદ ખાતે દારૂ મંગાવી તથા પકડાયેલ વેગેનાર ગાડીમાં ખોટી નંબર પ્લેટ લગાવેલ હોવાનુ જાણવા છતાં તેનો ખરી તરીકે ઉપયોગ કરી કાવતરૂ રચી તથા આરોપી નં. ૧, ૨ તથા ૩નાએ અગાઉ પ્રોહી. ગુનો કરેલ હોવા છતાં પોતાના અંગત નાણાકીય લાભ મેળવવા સંગઠીત થઈ ફરીથી દારૂની લાઈન ચલાવી સં

ગઠીત ગુનો કરી ઉપરોકત તમામ આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ છે. જે મતલબની કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનમા ફરીયાદ નોંધવામા આવેલી.

(૪) અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીએ તેમની દલીલોમા મુખ્યત્વે એવી રજુઆત કરેલી છે કે, અરજદાર/આરોપી તદન નિર્દોષ છે. અરજદાર/આરોપીને સદર ગુનામા ખોટી રીતે સંડોવી દેવામા આવેલ છે. અરજદાર/આરોપી વિરૂધ્ધ પ્રથમ દૃષ્ટિએ ગંભીર આક્ષેપો જણાતા નથી. સદર ગુનાના કામે કલમ જોતા ટ્રાયલ ચલાવવાની સત્તા નામદાર ટ્રાયલ કોર્ટને છે. અરજદાર પાસેથી ગુના સબંધે કોઈ મુદ્દામાલ રીકવર કે ડીસ્કવર કરેલ નથી કે કરવાનો બાકી નથી. અરજદાર/આરોપીના કબ્જામાંથી કોઈ પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ નથી. અરજદાર / આરોપી અરજીમા જણાવેલ સરનામે સ્થાનીક રહેવાસી છે તેમજ કયાંય નાસી ભાગી જાય તેમ નથી. અરજદાર/ આરોપી સ્થાવર તથા જંગમ મીલકત ધરાવે છે. વધુમાં નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની અરજદાર/આરોપી ખાત્રી આપતા હોય અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલી છે.

(૫) શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, અરજદાર/ આરોપી વિરૂધ્ધ કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૪૦૨૬૨ ૬૦ ૧૦૭/૨૦૨૬થી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૬૫(એ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) તથા બી.એન.એસ.ની કલમ–૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૫૪, ૧૧૧(૨)(બી), ૧૧૧(૩), ૧૧૧(૪) મુજબનો ગુનો નોંધાયેલ છે. અરજદાર/ આરોપીએ ઈંગ્લીશ દારૂના જથ્થો ભરેલ ગાડીનુ પાઈલોટીંગ કરેલ છે. મોટા પ્રમાણમા પ્રોહીબીશન મુદ્દામાલ પકડાયેલ છે. અરજદાર/આરોપી સામે અગાઉ ચકલાસી પો. સ્ટે. ખાતે આવા જ પ્રકારનો ગુનો નોંધાયેલ છે. અરજદાર/આરોપી દારૂના ધંધા સાથે સંકળાયેલ છે. સદર ગુનાની તપાસ હાલમા બાકી છે. વધુમાં વિધ્વાન એ.પી.પી. શ્રીએ તપાસ કરનાર અમલદારે જે સોગંદનામું રજુ કરેલ છે તે ધ્યાને લઈ અરજદાર/ આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૬) બંને પક્ષની રજુઆતો, જામીન અરજીની હકીકત, રજુ થયેલ તમામ પોલીસ પેપર્સ, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વગેરે ધ્યાને લીધા. અરજદાર/આરોપી ઉપર કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૪૦૨૬૨૬૦૧૦૭/૨૦૨૬થી પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઈ), ૬૫(એ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) તથા બી.એન.એસ.ની કલમ-૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૫૪, ૧૧૧(૨) (બી), ૧૧૧(૩), ૧૧૧(૪) ગુનાનો આક્ષેપ છે. રજુ થયેલ પેપર્સ વંચાણે લેતાં અરજદાર/આરોપીએ ઈગ્લીશ દારૂના જથ્થો ભરેલ ગાડીનુ પાઈલોટીંગ કરેલ છે. સદર ગુનાની તપાસ હાલમા પ્રાથમીક તબકકે છે. અન્ય સહઆરોપીઓને પકડવાના બાકી છે. મોટા પ્રમાણમાં પ્રોહીબીશન મુદ્દામાલ પકડાયેલ છે. જો અરજદાર/આરોપીને હાલ ના તબકકે જામીન ઉપર મુકત કરવામા આવે તો પુરાવા સાથે ચેડા થવાની સંભાવના નકારી શકાય તેમ નથી. જેથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૮૩ હેઠળની રેગ્યુલર જામીન અરજી હાલના તબકકે વિવેકબુધ્ધિની સત્તા વાપરી મંજુર કરવી ન્યાયી, વ્યાજબી અને યોગ્ય જણાતી નથી. જેથી શ્રીસરકાર તરફે થયેલ દલીલો ગ્રાહય રાખી ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**-:: આખરી હુકમ ::-**

અરજદાર/આરોપીની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ-૪૮૩ અન્વયેની ક્રીમીનલ પરચુરણ અરજી નં. ૪૨/૨૦૨૬ **નામંજૂર** કરવામાં આવે છે.

- આ હુકમની યાદી સંબંધિત પોલીસ સ્ટેશન તથા સંબંધિત અદાલતને મોકલી આપવી.

હુકમ આજરોજ તા. ૦૬, માહે માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૦૬/૦૩/૨૦૨૬
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
અધિક સત્ર ન્યાયાધીશ,
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)

NMJ